પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
Whatsapp No.9712880678
વર્ષ:૨૪, અંક:૨૨૬, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૫-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 226 PRICE :-RS. 1.50 DATE : 19-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વાવાઝોડાએ ગુજરાતમાં તોફાન મચાવ્યું, ૧૩ લોકોના મૃત્યુ, મુખ્યમંત્રીએ આપી માહિતી

ગાંધીનગર,

ગુજરાતમાં તોફાન મચાવી વાવાઝોડુ તૌકતે આગળ વધી રહ્યું છે. આવતીકાલે સવાર સુધીમાં ગુજરાતમાંથી તોફાન પસાર થઈ જશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્રકાર પરિષદ યોજી આ માહિતી આપી છે. રાજ્યમાં વાવાઝોડાને કારણે ખુબ નુકસાન પણ થયું છે. આ દરમિયાન ૧૩ લોકોના મૃત્યુ પણ થયા છે. અનેક વૃક્ષો



ધરાશાયી થઈ ગયા છે. તો વીજ પોલ પણ પડી ગયા છે.

રાજ્યમાં આવેલા તૌકતે વાવાઝોડાએ નુકસાન કર્યુ છે. આ દરમિયાન ૧૩ લોકોના મૃત્યુ થયા છે. તો અનેક જગ્યાએ વાવાઝોડાને કારણે ઝાડ ધરાશાયી થઈ ગયા છે. લાઈટોને નુકસાન પહોંચ્યું છે. રાજ્યભરમાં ૫૯૫૧ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાંથી ૨૧૦૧ ગામમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. ૧૬૫ સબસ્ટેશનને નુકસાન પહોંચ્યું છે. ૯૫૦ ટુકડીઓ ઈલેક્ટ્રિસિટી શરૂ થાય તે માટે કામ કરી રહી છે. રાજ્યમાં આવતીકાલ સુધીમાં તમામ લાઈટો શરૂ થઈ જશે. મુખ્યમંત્રીએ આ માહિતી આપી છે.

રાજ્યમાં અનેક જગ્યાએ લાઈટના થાંભલા પણ તૂટી ગયા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, તે તમાં થાંભલા બદલવામાં આવશે. મુખ્યમંત્રીએ પત્રકાર પરિષદમાં કહ્યું કે, ૪૨૫ કોવિડ હોસ્પિટલમાંથી ૧૨૨ હોસ્પિટલ અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલી છે. જેમાંથી ૩૯ હોસ્પિટલમાં કામ ચાલુ છે. રાજ્યમાં ૬૭૪ રસ્તાઓ બંધ થયા હતા તેમાંથી ૫૬૨ શરૂ કરી દેવામાં આવ્યા છે. અન્ય રસ્તા ચાલુ કરવાની કામગીરી ચાલી રહી છે. ઉમરગામમાં સૌથી વધુ ૧૪ ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યના ૯૬ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આગામી બે દિવસમાં તંત્ર બધુ રાબેતા મુજબ થાય તે માટે કામગીરી કરશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ખેડૂતોને ત્રણ-ચાર પ્રકારનું નુકસાનવ થયું છે. ઉનાળુ પાકને અસર થઈ છે. કેરી અને નાળિયેરના પાકને પણ અસર થઈ છે. કાચા મકાનો અને ઝુપડા ઉડી ગયા છે. જે પશુઓના મોત થયા તેને સહાયતા તથા ચોથુ કેશડોલ આપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, નુકસાનના સર્વેની કામગીરી તત્કાલ શરૂ કરવામાં આવસે અને બધાને સહાય ચુકવવામાં આવશે. માછીમારોને થયેલા નુકસાનનો પણ સર્વે કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ દાવો કર્યો કે આપણે વાવાઝોડામાંથી હેમખેમ બહાર નિકળી ગયા છીએ. નાના કર્મચારીઓથી લઈને તમામ અધિકારીઓએ રાત-દિવસ કામ કર્યુ છે. મુખ્યમંત્રીએ કહ્યુ કે, પ્રધાનમંત્રી સતત સંપર્કમાં છે અને ગુજરાતની ચિંતા કરી રહ્યા છે. તો મુખ્યમંત્રી અદિકારીઓ અને મંત્રીઓ સાથે વાવાઝોડાથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કરવા માટે પણ જશે. આ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આવતીકાલે હવાઈ નિરીક્ષણ સાથે સ્થળ નિરીક્ષણ કરે તેવી સંભાવના છે.

## વાવાઝોડું ફંટાઇ નહીં ત્યાં સુધી રાજ્યની તમામ ST બસો બંધ

ગાંધીનગર,

સોમવારે મધરાતથી જ તાઉતે વાવાઝોડું ગુજરાતને ધમરોળી રહ્યો છે. વાવાઝોડાના કારણે સરકાર દ્વારા પાણી પહેલાં પાળ બાંધવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી અને અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. રાજ્યમાં વાવાઝોડાના કારણે કોઈ મોટો અકસ્માત થયો હોવાની માહિતી સામે આવી નથી પરંતુ ભારે પવન અને વરસાદના કારણે રાજ્યમાં ઠેર-ઠેર જગ્યાઓ પર વૃક્ષો ધરાશાયી થયા છે. તો કેટલીક જગ્યા પર વીજપોલ પડી ગયા છે અને રાજ્યના કેટલાક ગામડાઓમાં વીજ પુરવઠો પણ ખોરવાયો છે. ત્યારે વાવાઝોડાની અસરના પગલે રાજ્ય સરકાર દ્વારા પરિવહન સેવા સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને સરકારે આ



નિર્ણય કર્યો છે.

રિપોર્ટ અનુસાર રાજ્યના માર્ગ વ્યવહાર નિગમ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે, વાવાઝોડાના પગલે રાજ્યની તમામ ST બસ બંધ કરવામાં આવે. જ્યા સુધી વાવાઝોડું ફંટાઈ નહીં ત્યાં સુધી રાજ્યની તમામ ST બસ સેવા બંધ રહેશે. ઘણી જ્ઞ બસો વાવાઝોડામાં રાહતકાર્ય માટે સરકાર દ્વારા ફાળવવામાં આવી છે.

બનાસકાંઠામાં પણ વાવાઝોડાની અસર હોવાના કારણે બનાસકાંઠાના ૧૪ જેટલા તાલુકામાં ૬૫૦ કરતાં વધુ રૂટ બંધ કરી દેવામાં આવ્યા છે અને એકાએક ST બંધ થઈ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તો હિંમતનગરમાં પણ ૫૧૫ બસના પૈડા વાવાઝોડાની અસરના કારણે થંભી ગયા છે.

અમદાવાદમાં પણ વાવાઝોડાની અસર જોવા મળી છે. અમદાવાદમાં ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે. અમદાવાદ એરપોર્ટ સર્કલથી ઈન્દિરા બ્રિજ તરફ જવાના રસ્તે પાણી ભરાયું છે. આ ઉપરાંત અખબારનગર અંડરપાસમાં પણ પાણી ભરાવાના કારણે તે બંધ કરી દેવામાં આવ્યો છે. વાવાઝોડાની અસરના કારણે અમદાવાદમાં અત્યાર સુધીમાં સરેરાશ ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગુજરાતના ૩૭૩૮ ગામડામાં વાવાઝોડાના કારણે વીજપુરવઠો ખોરવાયો હતો અને તેમાંથી ૧,૧૧૫ ગામડાંમાં વીજપુરવઠો ફરીથી શરૂ કરી દેવામાં આવ્યો છે અને અન્ય ગામડાઓમાં વીજપુરવઠો પૂર્વવત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની ૧૨૨ જેટલી હોસ્પિટલોમાં પણ વીજ પુરવઠો ખોરવાયો છે પરંતુ હવે મોટાભાગની હોસ્પિટલોમાં વીજ પુરવઠો ફરીથી શરૂ કરી દેવામાં આવ્યો છે.

## દેશમાં કોરોના રિકવરી રેટ ૮૫.૬%, ૧૯૯ જિલ્લાઓમાંથી આવ્યા રાહતના સમાચાર

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેરની અસર હવે સ્પષ્ટપણે હળવી થતી જોવા મળી રહી છે. આરોગ્ય મંત્રાલયે મંગળવારે માહિતી આપી છે કે દેશમાં કોરોના રિકવરી રેટ હવે ૮૫.૬ ટકા પર પહોંચી ગયો છે, જે ૩ મેના રોજ ૮૧.૭ ટકા હતો. તે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪,૨૨,૪૩૬ રિકવરી થઈ છે, જે આજ સુધીનો સૌથી મોટી આંકડો છે. મંત્રાલયના સંયુક્ત સચિવ લવ



અગ્રવાલે કહ્યું છે કે આ સ્પષ્ટ રીતે પોઝિટિવ ટ્રેન્ડ છે.

મંત્રાલયે આપેલી માહિતી અનુસાર, કેરળમાં ૯૯,૬૫૧ રિકવરી નોટ કરાઈ છે. તેમણે કહ્યું કે અમે રિકવરીમાં ક્લિયર પોઝિટિવ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, અને એક્ટિવ કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. માત્ર ૮ રાજ્યો એવા છે જ્યાં દરરોજ ૧૦,૦૦૦ થી વધુ કેસ આવી રહ્યા છે. ૨૬ રાજ્યો એવા છે, જ્યાં રિકવરી દરરોજ નોંધાયેલા કેસો કરતા રિપોર્ટ થનારા કેસથી વધુ છે.

૭ મેનાં રોજ દેશમાં ૪,૧૪,૦૦૦ જેટલા કેસ આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૬૩,૦૦૦ કેસ થયા છે. છેલ્લા ૨ દિવસથી નવા કેસોમાં ૩૦૦,૦૦૦ થી ઓછા કેસ થઈ ગયા છે. ૭ મેનાં રોજ આવેલા કેસો કરતા આજનાં કેસો ૨૭% ઓછા છે. માત્ર ૬૯% કેસો ૮ રાજ્યોમાં છે.

મંત્રાલયે કહ્યું છે કે દેશની સમગ્ર વસ્તીના ૧.૮ ટકા લોકો કોરોના સંક્રમણની ઝપેટમાં આવી ચુક્યા છે. અમે હજી સુધી ૨ ટકા કરતા ઓછી વસતીમાં સંક્રમણને અટકાવવામાં સફળ રહ્યા છિએ. દેશમાં કેસનો પોઝિટિવિટી રેટ ૧૪.૧૦% પર આવી ચુક્યો છે. આ આખા દેશની સરેરાશ છે.

છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં દરરોજ નવા કેસની તુલનામાં વધુ રિકવરીનાં કેસો બહાર આવી રહ્યા છે. આજે સતત બીજા દિવસે ત્રણ લાખથી ઓછા કેસ નોંધાયા છે. ટેસ્ટનો પોઝિટિવિટી રેટ સતત ઘટી રહ્યો છે. જોકે, ગ્રામીણ વિસ્તારોમાં ચેપ ફેલાવો એ સરકારો માટે હજી પણ મોટો પડકાર છે.

## છેલ્લા ૧૫ દિવસમાં દેશમાં ઘટી કોરોનાની ગતિ, રિકવરી રેટ વધ્યોઃ સ્વાસ્થ્ય મંત્રાલય

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના મહામારીને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યુ કે, ૩ મેએ રિકવરી રેટ ૮૧.૭ ટકા હતો, જે હવે વધીને ૮૫.૬ ટકા થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૨૨,૪૩૬ લોકો કોરોનાથી રિકવર થયા છે, જે દેશ માટે સૌથી વધુ છે. કોરોનાની રિકવરીમાં એક સ્પષ્ટ સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે. તેની સાથે તેમણે કહ્યું કે, કોરોનાના ૧ લાખથી વધુ એક્ટિવ કેસ ૮ રાજ્યોમાં છે. ૧૦ રાજ્યોમાં ૫૦ હજારથી ૧ લાખ સક્રિય કેસ છે. તો ૫૦ હજારથી ઓછા સક્રિય કેસ વાળા ૧૮ રાજ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર કેરલમાં ૯૯,૬૫૧ કેસ રિકવર થયા



છે. માત્ર ૮ રાજ્યો એવા છે જ્યાં દરરોજ ૧૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યાં છે. ૨૬ રાજ્યો એવા છે જ્યાં રિકવરી દરરોજ નવા કેસ કરતા વધુ છે. સ્વાસ્થ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવે કહ્યુ કે, ૭ મેએ દેશમાં ૪,૧૪,૦૦૦ કેસ સામે આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૬૩,૦૦૦ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા બે દિવસમાં નવા કેસ ૩,૦૦,૦૦૦ થી ઓછા થઈ ગયા છે. ૭ મેએ આવેલા કેસના મુકાબલે આજના કેસ ૨૭ ટકા ઓછા છે. માત્ર ૬૯ ટકા કેસ ૮ રાજ્યોમાં છે. ૨૨ રાજ્યો એવા છે જ્યાં પોઝિટિવિટી ૧૫ ટકાથી વધુ છે. ૫-૧૫ ટકા પોઝિટિવિટી રેટ વાળા ૧૩ રાજ્યો છે. ૧ રાજ્યમાં ૫ ટકાથી ઓછો પોઝિટિવિટી રેટ છે. દિલ્હીમાં સાપ્તાહિક પોઝિટિવિટી ૨૫ ટકાથી ઘટીને ૧૩.૬ ટકા થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, દેશમાં સાપ્તાહિક કેસ પોઝિટિવિટી રેટ ઘટીને ૧૬.૯ ટકા થઈ ગયો છે. જોકે પોઝિટિવિટી હવે ૧૪.૧૦ ટકા થઈ ગઈ છે. કોરોનાની જાણકારી આપતા કહ્યું કે, હજુ દેશની જનસંખ્યાના માત્ર ૧.૮ ટકા સંક્રમણની ઝપેટમાં આવ્યા છે. અમેરિકામાં તે ૧૦.૧ ટકા, બ્રાઝિલમાં ૭.૩ ટકા, ફ્રાન્સમાં ૯ ટકા, રશિયામાં ૩.૪ ટકા અને ઈટાલીમાં ૭.૪ ટકા છે.

## વરસતા વરસાદ વચ્ચે પણ નર્સિંગ સ્ટાફની હડતાલ યથાવત



### નર્સિંગ સ્ટાફની માંગો

- કેન્દ્ર સરકારના ધોરણે તમામ ખાસ એલાઉન્સ (નર્સીંગ, યુનિફોર્મ અને વોશીંગ) અને ગ્રેડ પે.
- આઉટ સોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરવામાં આવે.
- નર્સિંગ સ્ટૂડેન્ટ્સને યોગ્ય સ્ટાઈપેન્ડ.
- હાયર સ્કેલનો સ્લેબ ૧૨-૨૪ને બદલે ૧૦-૨૦-૩૦ કરવામાં આવે.
- નર્સીસની અછત નિવારવા જરૂરી આયોજન.
- બઢતી, બદલી અને નવી જગ્યાઓ ઉપલબ્ધ કરાવવા.
- નર્સિંગ શિક્ષણ પરત્વે યોગ્ય આયોજન.
- કોવિડ ફરજો દરમિયાન નર્સિંગ સ્ટાફે એક પણ રજા નથી લીધી, જેને જમા કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવે.
- વર્ષ ૨૦૦૫માં નિમણૂક મેળવી ફરજો બજાવતા સ્ટાફ નર્સ સંવર્ગને ન્યાય.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ.
- એનપીએમ મેટર.
- સેપ્રેટ ડીરેક્ટોરેટ ઓફ નર્સિંગ (નર્સિંગ સેલ)ની રચના કરવી.

ગાંધીનગર,

તાઉ-તે વાવાઝોડા વચ્ચે પણ ગુજરાત રાજ્યના નર્સિંગ સ્ટાફની હડતાલ યથાવત રહી છે. સરકારએ હડતાલ સમેટવા માટે એપેડેમીક એક્ટનું શસ્ત્ર ઉગામ્યું છે. છતાય નર્સિંગ સ્ટાફ પોતાની માંગણીઓને લઈ અડીખમ ઉભું છે. જો સરકાર તેમની માંગો નહીં માને તો અનિશ્ચિત સમય માટે હડતાળ પર જવાની ચિમકી ઉચ્ચારી છે.

યૂનાઈટેડ નર્સ ફોરમના પ્રેસિડેન્ટ દિપકમલ વ્યાસની ગીર સોમનાથ અને વાઈસ પ્રેસિડેન્ટ ઈકબાલ કડીવાલાની રાજુલા, અમરેલી ખાતે બદલી કરી દેવામાં આવી છે. યૂનાઈટેડ નર્સ ફોરમના સભ્યોએ આ ઘટનાને વખોડી નાંખી છે અને જ્યા સુધી રાજ્ય સરકાર આ મુદ્દાઓનો ઉકેલ ના લાવે ત્યાં સુધી ઉગ્રતા પુર્વક વિરોધ કરવાનું કહી રહ્યા છે.

કાયમી સ્ટાફ હડતાલ પર હોવાથી હાલમાં નર્સિંગના વિદ્યાર્થીઓ કોરોનાના કપરાકાળમાં હોસ્પિટલમાં દિવસ-રાત સેવા આપી રહ્યા છે. અમુક વખતે બેથી ત્રણ વિદ્યાર્થી જ આખા વોર્ડની દેખરેખ કરે છે, અમુક વખતે ઓવર ડ્યૂટી પણ કરવી પડે છે. તેમ છતાંય તેમને યોગ્ય વળતર આપવામાં આવી રહ્યું નથી. તથા નર્સિંગ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવી રહી નથી. ઉપરાંત જે નર્સિંગ સ્ટાફનું મૃત્યુ કોરોનાના કારણે થયુ છે, તેમાંથી ઘણાંને હજુ સુધી સહાય અપાઈ નથી. એ લોકોને જલદથી જલદ સહાય આપવામાં આવે તેવી માંગ નર્સિંગ સ્ટાફે કરી છે.

## GTU દ્વારા ઓનલાઈન પરીક્ષા મોકુફ રખાઈ

અમદાવાદ,

સમગ્ર રાજ્યમાં હવામાનમાં તાઉતે વાવાઝોડાના કારણે અનેક જગ્યાએ વિસ્તારમાં તેની અસર જોવા મળેલ છે. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે અનેક જગ્યા એ વિજળી તેમજ ઈન્ટરનેટ સંબંધીત અનેક પ્રકારની સમસ્યા જોવા મળી રહી હતી જેમના કારણે કારણે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે, તાઉતે વાવાઝોડાએ સમગ્ર સૌરાષ્ટ્રભરમાં તબાહી મચાવી છે. હવે વાવાઝોડુ આગળ વધી આજે



બપોર સુધીમાં અમદાવાદમાં પહોંચ્યું છે. આગમચેતીના ભાગરૂપે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આજરોજ લેવામાં આવનાર ઓનલાઈન પરીક્ષા મોકુફ કરી દેવામાં આવી છે. આજે એમબીએ, એમએ અને એમ ફામ સેમેસ્ટર-૧ તથા પીએચડીની પ્રિ-ટ્રાયલ ટેસ્ટ પણ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ મોકુફ રખાઈ છે. મોકુફ રખાયેલી પરીક્ષાની નવી તારીખ યુનિવર્સિટીની વેબસાઈટ પર આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

## ભારત માટે જોખમ, ચીન તૈયાર કરી રહ્યુ છે આત્મઘાતી ડ્રોનની અલાયદી સેના

ન્યુ દિલ્હી,

ભારત સહિતના મોટાભાગના પાડોશી દેશો માટે માથાનો દુખાવો બનેલુ ચીન હવે આત્મઘાતી ડ્રોનની આર્મી તૈયાર કરવા માટે ક્વાયત કરી રહ્યુ છે.

૨૧મી સદીના ભવિષ્યના યુધ્ધોમાં ડ્રોનની ભૂમિકા મહત્વની રહેવાની છે ત્યારે પોતાની સેના માટે ચીન બે પ્રકારના ડ્રોન ખરીદવા માંગે છે. એક અહેવાલ પ્રમાણે ચીન કેટલા ડ્રોન ખરીદવા માંગે છે તેનો ખુલાસો નથી થયો પણ ચીનની કંપની પાસે ચીનની માંગને પહોંચી વળવાની પૂરતી તૈયારી છે. આ ડ્રોનને સંખ્યાબંધ રીતે ઉપયોગમાં લઈ શકાય છે. મહત્વની વાત એ છે કે ડ્રોનને પીઠ પાછળ બેગમાં પણ આસાનીથી સમાવીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાય તેમ છે.



આ પ્રકારના આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ કરવાનુ ચીનને સૌથી પહેલા ઈઝરાયેલે શીખાડ્યુ હતુ. ૧૯૯૦ના દાયકામાં ચીનને ઈઝરાયેલે આ પ્રકારના ડ્રોન વચેચ્યા હતા. તેના કારણે ચીનની અમેરિકા સાથેની નારાજગી વધી ગઈ હતી. હવે ચીન પોતાના ડ્રોન બનાવવા માંગે છે. ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે ચીને ૨૦૧૮માં સૌથી પહેલા સીએચ-૯૦૧ પ્રકારનુ ડ્રોન દુનિયા સમક્ષ રજૂ કર્યુ હતુ. ચાર ફૂટ લાંબુ અને નવ કિલો વજન ધરાવતુ આ ડ્રોન ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રફતારથી ઉડવા સક્ષમ છે. તે પંદર કિલોમીટરના વિસ્તારમાં બે કલાક સુધી સતત ઉડી શકે છે. તેમાં હથિયાર સિવાય કેમેરા પણ ફિટ થાય છે. જેનાથી ઓપરેટર ટાર્ગેટ પર સચોટ રીતે પ્રહાર કરી શકે છે. ઓપરેટરનો આદેશ મળ્યા બાદ આ ડ્રોન ટાર્ગેટ પર ત્રાટકે છે અને બ્લાસ્ટ કરે છે અને પોતે પણ ખતમ થઈ જાય છે.

આ ડ્રોનને એ રીતે તૈયાર કરાયા છે કે તે પહાડી વિસ્તારમાં પણ આસાનીથી ઉપયોગમાં લઈ શકાય છે. સૈનિકો તેને બેગમાં મુકીને નિશ્ચિત જગ્યાએ પહોંચાડી શકે છે. જ્યાંથી તે આસાનાથી લોન્ચ કરી શકાય છે. હવાઈ હુમલામાં કે ગોળાબારી કરીને તેને નષ્ટ કરવુ પણ આસાન નથી. મિસાઈલથી વિપરીત તે પોતાના ટાર્ગેટ પર કલાકો સુધી નજર રાખી શકે છે અને સમય આવ્યે હુમલો કરી શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૫૬ કોરોના પોઝીટીવ કેસ



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૬૯૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૨૫ સ્ત્રીં, ૩૭ પુરૂષ, કડાણા તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૨ સ્ત્રી, ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૨૨ સ્ત્રી, ૨૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૯ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૬૯૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૨૫૧૭૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૭૦૭ દર્દી હોમ આઇસોલેશન, ૪૮ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૮૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૭૦ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૩૮ દર્દીઓ સ્ટેબલ, ૧૯૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૨વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૧૨
કડાણા-૦૭
ખાનપુર-૨
લુણાવાડા-૧૪
સંતરામપુર-૧૮
વિરપુર-૩

# મહીસાગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાની ખાસ કોઈ અસર જોવા મળી નથી

લુણાવાડા,
અરબી મહાસાગરમાં સર્જાયેલા તાઉ-તે વાવાઝોડાની પૂરોગામી તથા અનુગામી અસરને પગલે મહીસાગર જિલ્લાયમાં ભાવે પવન ફૂંકાવાની શકયતા તથા વરસાદ પડવાની શકયતાને ઘ્યા ને કોઇપણ પ્રકારના જાન-માલને નુકશાન ન થાય તે માટે જિલ્લો કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લાન વહીવટી- પોલીસ અને જિલ્લા પંચાયત દ્વારા ખાસ કરીને કોવિડને સ્થિહતિને ઘ્યાટને રાખીને આગોતરૂં સુચારૂં વ્યેવસ્થા્પન ઘડી કાઢવામાં આવ્યુંન હતું.

અરબી મહાસાગરમાં સર્જાયેલ તાઉ-તે વાવાઝોડાએ ગઇકાલે રાત્રિના ૮-૦૦ વાગ્યાં પછી ગુજરાતમાં પ્રવેશ કર્યો ત્યા રથી અત્યામરસુધીમાં મહીસાગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાની ખાસ કોઈ અસર જોવા મળી નહોતી કે પવનની ઝડપ પણ સામાન્યય રહેવા પામી હતી. વાવાઝોડાની અનુગામી અસરના કારણે જિલ્લાના તમામ તાલુકામાં હળવો વરસાદ નોંધાવા પામ્યોવ છે. અત્યા ર સુધીમાં જિલ્લાતના તમામ તાલુકામાં ૦૫ થી ૨૦ મી.મી. સુધી વરસાદ નોંધાવા પામ્યો છે. મહીસાગર જિલ્લાનમાં તાઉ-તે વાવાઝોડાના કારણે કોઇપણ પ્રકારની માલ-મિલકતને નુકશાન થયું હોવાના કે વીજળી પડવાની કે કોઇપણ પ્રકારની જાનહાનિ થવાના સમાચાર પ્રાપ્ત થયેલ નથી. કોઇ રસ્તાઓિ બંધ થવા પામેલ નથી કે વીજ પુરવઠો ખોરવાઇ ગયો હોવાના કે કાચા મકાનો-ઝુંપડાને પણ કોઇ નુકશાન થયેલ હોવાની વિગતો પણ પ્રાપ્ત થયેલ નથી.

મહીસાગર જિલ્લામાં તાઉ-તે વાવાડઝોડાના કારણે આમ ખાસ કોઇ અસર જોવા ન મળતા જિલ્લાતના નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો હવાલો સંભાળતા કે. ડી. લાખાણી



લુણાવાડા,
મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણૂંક થતાં કે.ડી.લાખાણીએ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો હવાલો સંભાળી લીધો છે.

સને- ૨૦૧૧ માં ભારતીય વહિવટી સેવા સંવર્ગ (IAS) સેવાઓમાં નિમણૂંક થયા બાદ તેમની યશસ્વી કારકિર્દીનો પ્રારંભ કરનાર કે.ડી. લાખાણીઆ અગાઉસચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ખાતે ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી ફરજ બજાવ્યા બાદ તેમની હાલમાં મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણુંક થઇ છે.

અત્રે એ ઉલેખનીય છે કે, કોરોનાના કપરા કાળ દરમિયાન ગુજરાત જાહેર સેવા આયોગસચિવ તરીકે કે.ડી.લાખાણીએ કામગીરી સફળતાપૂર્વક બજાવી છે.

# મહીસાગર જિલ્લાના નાની સરસણ ગમે ૧૨૦ ફૂટ કુવામાં પડેલા મોર ને બચાવ્યો

લુણાવાડા,
વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ મહીસાગરની ટીમ દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના નાની સરસણ ગામે પ્રણામી અરૂણભાઈના ખેતરના કુવામાં રાષ્ટ્રીય પક્ષી મોર પડી ગયેલ હોવાની રેસક્યું હેલ્પ લાઈન નંબર મયુર પ્રજાપતિ પર કોલ આવતા મહીસાગર વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ની ટીમ અને વન વિભાગની ટીમ મળીને એડવન્ચરના સાધનો જે ખુબ જ સાહસિક અને મજબુત ઉપકરણોના મદદ વડે અને રેપલિંગ કરી કુવામાં ઉતારીને રાષ્ટ્રીય પક્ષી મોર ને સહી સલામત બહાર કાઢવામાં આવ્યો. મોરને કુવામાં થી કાઢી તેને સલામત યોગ્ય જગ્યાએ છોડવામાં આવ્યો. ટીમના સાહસિક સભ્યો મુકુંદભાઈ પંચાલ અને મયુર શર્મા જે ટીમ સાથે મળીને સાહસિક ભર્યું કામ કરી. મોરને બચાવી તેને તેના કુદરતી વાતાવરણમાં છોડવામાં આવ્યો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## હારશે કોરોના, જીતશે ગુજરાત

# ૯૬ ટકા સંક્રમિત ફેફસા છતા ગોધરાના પર વર્ષીય મહિલાએ ૧૮ દિવસની સઘન સારવાર બાદ કોરોનાને હરાવ્યો

ગોધરા,
ફેફસામાં કોરોના સંક્રમણથી કેટલા હદે પ્રભાવિત થયા છે તે જાણવા કરાતા એચઆરસીટી ટેસ્ટમાં સ્કોર સહેજ વધુ આવે તે સાથે લોકો ગભરાઈ જાય છે. જો કે આ સ્કોર વધુ હોવા છતાં સમય પરયોગ્ય તબીબી સારવાર મળવાથી રિકવરી શક્ય છે અને સંખ્યાબંધ દર્દીઓ તે રીતે સાજા થઈ રહ્યા છે. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે પણ સરકારી સિવિલ હોસ્પિટલ સાથે સંલગ્ન નર્સિંગ સ્કૂલ ખાતે કાર્યરત કોવિડ હોસ્પિટલ્સમાં પણ આવા દર્દીઓ ડોકટર્સની સારવાર, સહાયક સ્ટાફ અને પરિવારજનોની હૂંફથી સાજા થઈ ઘરે જઈ રહ્યા છે. આવા જ એક પેશન્ટ રક્ષાબેન સુથાર ૧૮ દિવસની સઘન સારવાર બાદ સાજા થઈ આજે સ્વગૃહે પરત ફર્યા.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ફિઝિશિયન ડો. ઈશાન મોદીએ જણાવ્યું કેગોધરાના પર વર્ષીયરક્ષાબેન ૧ મે, ૨૦૨૧ના રોજ એડમિટ થયા ત્યારે તેમનો એચઆરસીટી સ્કોર ૨૪ હતો. એસપીઓટુ ૭૦ અને ક્યારેક ૫૦ સુધી ડ્રોપ થતું હતું, સીઆરપી ૧૪૦, ડીડાઈમર ૫૦૦૦ અને ફેરેટીન ૨,૦૦૦ સુધી પહોંચ્યું હતું. એડમિટ કરતા સાથે તેમનેપ્રતિ મિનિટ ૧૫ લિટર ઓક્સિજન એનઆરબીએમ પર આપવાનો શરૂ કર્યો હતો. દર્દીની સ્થિતિ ક્રિટીકલ હતી પરંતુ તેમને માનસિક ધરપત આપી રેમડિસીવર, સ્ટાન્ડર્ડ એન્ટિબાયોટીક, સ્ટેરોઈડ સહિતની દવાઓ-સાથે સારવાર શરૂ કરવામાં આવી હતી. અઠવાડિયા સુધી તેમની સ્થિતિ સ્થિર રહ્યા બાદ સુધાર થવાની શરૂઆત થઈ હતી અને હવે ઓક્સિજન સપોર્ટ વગર એસપીઓટુનું લેવલ ૯૪ સુધી જળવાઈ રહ્યું છે. આજે બ્લડ સહિતના રિપોર્ટ નોર્મલ આવતા તેમને રજા આપવામાં આવી છે. એમજીવીસીએલમાં કાર્યરત રક્ષાબેનના પતિ દિપકભાઈ સુથાર જણાવે છે કે રક્ષાબેનને શરૂઆતમાં ખાંસી અને નબળાઈના લક્ષણો હતો. સ્થાનિક ડોક્ટરના કહેવાથી સીટી સ્કેન કરાવ્યો અને જ્યારે ડોકટર્સે એચઆરસીટી સ્કોર જણાવ્યો કે ૯૬ ટકા ફેફસા સંક્રમિત છે ત્યારે અમે શરૂઆતમાં ગભરાઈ ગયા હતા. ડોક્ટરની સલાહથી સિવિલમાં દાખલ થવા માટે લઈ ગયા ત્યારે અમુક સ્વજનોએ સિવિલમાં સારવાર માટે શંકા પણ દર્શાવી હતી પરંતુ શરૂઆતથી નર્સિંગ સ્કૂલના ડોકટર્સ-નર્સ સહિતના સ્ટાફે અમને ખૂબ હિંમત આપી હતી, ધીરજ બંધાવી હતી. દાખલ કર્યા બાદ અમને સારવાર માટે કોઈ પણ ખર્ચ થયો નથી. બે ટાઈમ જમવાનું, સવારનો નાસ્તો પૌષ્ટિક હોય છે, સમયસર મળી જાય છે. સ્ટાફ સ્વજનોની જેમ દરકાર કરે છે. મને આનંદ છે કે અમે સારવાર માટે નર્સિંગ સ્કૂલની પસંદગી કરી. ડિસ્ચાર્જ થતા રક્ષાબેને જણાવ્યું હતું કે ડોક્ટર્સે શરૂઆતથી જણાવ્યું હતું કે, હિંમત જાળવી રાખશો-પોઝિટીવ રહેશો તો ઝડપથી કોરોનાને માત આપશો. તેથી સારવારની ચિંતા ડોક્ટર્સ પર છોડીને મારૂ સમગ્ર ધ્યાન પોઝિટીવ રહેવા પર રાખ્યું. રેગ્યુલર દવાઓ ઉપરાંત ફિઝીયોથેરાપીસ્ટ અમને પ્રોનિંગ તેમજ બીજી એક્સરસાઈઝ કરાવતા. ફેફસા માટે સ્પાયરોમીટરથી એક્સરસાઈઝ કરાવતા, જેનો મને ખૂબ ફાયદો જણાયો છે. હવે હું સંપૂર્ણ સ્વસ્થ અનુભવી રહી છું અને હવે મારે ૧૫ દિવસ એસ્પિરીન અને મલ્ટીવિટામીન ટેબ્લેટ્સ લેવાની છે. ખાનગી હોસ્પિટલમાં જો મેં સારવાર લીધી હોત તો સહેજે ૫ થી ૭ લાખ રૂપિયાનો ખર્ચ થઈ ગયો હોત. રક્ષાબેને હોસ્પિટલના સમગ્ર સ્ટાફ અને ડોક્ટર્સનો આભાર માનતા એક સંદેશમાં જણાવ્યું હતું કે આ કોરોના વોરિયર્સ આટલા જોખમ વચ્ચે આટલું કામ કરે છે ત્યારે આપણા સૌની ફરજ બને છે કે આપણે પણ માસ્ક પહેરીએ, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીએ અને ભીડ ન કરીએ. સંક્રમિત થનારા લોકોને હિંમત જાળવી રાખવી નાસીપાસ ન થવાની અને સારવાર પર વિશ્વવાસ રાખવાની સલાહ રક્ષાબેને આપી હતી.

# ગોધરાના મુસ્લિમ સમાજનું ગૌરવ

ગોધરા,
"સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય" સાચે જ આ ઉક્તિને સાર્થક કરી છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ખૂબ જ ખ્યાતનામ શાળાના ધોરણ આઠના આ તેજસ્વી વિદ્યાર્થીએ જેનું નામ શેખ મોહમ્મદ યુસુફ છે.

ચાલુ વર્ષે રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલ NMMSની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા શહેરની ધી ઈકબાલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ આઠના વિદ્યાર્થી શેખ મોહમ્મદ યુસુફે પંચમહાલ જિલ્લાની મેરિટ યાદીમાં સ્થાન મેળવી શાળા, સમાજ અને પરિવારનું ગૌરવ વધારેલ છે. જેથી આ તેજસ્વી વિદ્યાર્થીને શાળાના આચાર્ય બડંગા ઈદરીસ દ્વારા તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

# દાહોદ જિલ્લામાં રાજકીય અગ્રણીઓએ કોરોનાને હરાવવા સહાય આપવાની જાહેરાત તો કરી, પરંતુ તેનો અમલ ક્યારે?

દાહોદ,
દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષથી કોરોના કહેર વર્તાઈ રહ્યો છે. જેમાં ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે કોરોનાએ અનેક લોકોનો ભોગ પણ લીધો છે અને હજી પણ કોરોનાનો કહેર ચાલુ હોવાનું જણાઈ રહ્યું છે. જ્યારે કોરોનાની કહેરનો પ્રજા છુટકારો મેળવે તે હેતુથી દેશ-વિદેશમાંથી સહાય પણ આવે છે. સાથે સ્થાનિક રાજકીય આગેવાનો પણ પ્રજાની સુખાકારી અને આરોગ્ય માટે નાણાં ફાળવવા માટે આગળ આવ્યા છે.પરંતુ તેનો અમલ ક્યારે? તેવા પ્રશ્નો ઉદભવે તે સ્વાભાવિક છે. ત્યારે ફાળવવામાં આવનાર નાણામાંથી સરકારી દવાખાનાઓમાં જે પણ સુવિધાઓ ઉભી કરવામાં આવનાર છે તે સત્વરે થઈ જવી જોઈએ.તેવી જિલ્લાની પ્રજામાં માંગ ઉઠવા પામેલ છે.

દેશ અને દુનિયાની સ્થિતિ જોતા દરેક માનવી ભયભીત છે.જે કામ આતંકવાદ અને વિશ્વયુદ્ધ કરી શક્યા નથી તે કામ એક અદ્રશ્ય વાયરસ કરી રહ્યો છે. છેલ્લા એક વર્ષથી કોરોનાવાયરસ મોટાભાગે શહેરી વિસ્તારો સુધી જ સીમિત જણાતો હતો. અને કોરોના ની બીજી લહેર આવશે તેવું કોઈ એ અનુમાન કર્યું ન હતું. ત્યારબાદ બીજી લહેરમાં ગ્રામ્ય વિસ્તારોને પણ ઝપેટમાં લીધા છે.અને અનેક લોકો તેનો ભોગ પણ બન્યા છે. તેમજ આ રોગચાળાથી બચવા માટે સરકાર દ્વારા ગાઈડલાઈન પણ આપવામાં આવેલ છે.છતાં સરકારની ગાઈડલાઈન નું પાલન કરાવવા પાંગળા પુરવાર થયેલા સ્થાનિક વહીવટી તંત્રો અને પ્રજાની બેદરકારીથી ચાલુ વર્ષે ટૂંકા સમયમાં કોરોનાએ તેની બીજી લહેરમાં અનેક લોકોના ભોગ પણ લીધા છે. અને દેશ-વિદેશમાંથી રોગચાળા સામે રક્ષણ માટે મદદ પણ આપવામાં આવી છે.અને જાણકારોના મતે કોરોનાની ત્રીજી લહેર પણ આવી શકે તેવી સંભાવના હોવાનું જણાવ્યું છે.ત્યારે આ રોગચાળાથી બચવા માટે સ્થાનિક રાજકીય નેતાઓએ પણ પ્રજા રોગચાળાનો ભોગ બને નહીં અને રોગચાળા સામે રક્ષણ મળે તે હેતુથી પોતાના બજેટમાંથી નાણાં ફાળવવા જાહેરાત કરવામાં આવેલ છે. જોકે રાજકીય નેતાઓ દ્વારા ફાળવવામાં આવનાર નાણા દ્વારા દર્દી લોકોને સુવિધા ઉપલબ્ધ થવા કેટલો સમય લાગશે તેના માટે અનુમાન લગાવવું અસ્થાને છે.પરંતુ તેનો વહેલી તકે અમલ પણ થવો જરૂરી જણાય છે. નહીં તો આગ લાગે અને કૂવો ખોદવા બેસવું અથવા ઘોડા છુટયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાય તેનો કોઈ અર્થ નથી.

## વિવિધ જગ્યાએથી મળતી સહાય દ્વારા આરોગ્ય સુવિધા વધારાય છે,તો આરોગ્ય લક્ષી બજેટના નાણાનો ઉપયોગ ક્યારે?

અહીંયા નોંધનીય બાબત છે કે, સરકાર દ્વારા દર વર્ષે કૃષિ,શિક્ષણ અને આરોગ્ય માટે મોટું બજેટ ફાળવવામાં આવે છે.અને રોગચાળા જેવા સમયમાં આરોગ્ય માટે જે પણ બજેટ ફાળવવામાં આવ્યું હોય તેનો ઉપયોગ કરવાનો હોય છે.હાલ દેશ વિદેશ અને સ્થાનિક રાજકીય આગેવાનો સહિત કેટલાક વ્યક્તિગત લોકો રોગચાળા સામે પ્રજાને રક્ષણ મળે તે હેતુથી યથાશક્તિ સહાય કરવા આગળ આવે છે. ત્યારે ફાળવવામાં આવતા બજેટનો ઉપયોગ ક્યારે?તેવા પ્રશ્નો પણ પ્રજામાં ચર્ચાઈ રહ્યા છે.

## રાજકીય આગેવાનો દ્વારા કરવામાં આવતી સહાયના નાણાંથી ઓક્સિજન બોટલ, વેન્ટિલેટર, એક્સ-રે મશીન જેવી સુવિધાઓ વધારવી જોઈએ

અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે,બિમારી જેવા સમયમાં દર્દી લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી તે સરકાર અને સ્થાનિક સરકારી વહીવટી તંત્રોની ફરજ અને જવાબદારી છે.અને તેના માટે દર વર્ષે બજેટ દ્વારા અઢળક નાણા ફાળવવામાં આવે છે. છતાં દેશનો કોઈ પણ નાગરિક પ્રાથમિક સુવિધાના નામે નાણાં ફાળવે અને તેના દ્વારા પ્રાથમિક સુવિધા વધારાય તેના કરતા જે સુવિધા સ્થાનિક જગ્યાએ ઉપલબ્ધ નથી તેવી ઓક્સિજન બોટલ, વેન્ટિલેટર,એક્સ-રે મશીન જેવી સુવિધા કરવા પાછળ નાણાં વપરાય તો વધુ યોગ્ય ગણાય.જેમ કે હાલ તાલુકા અને જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સરકારી દવાખાનાઓ આવેલા છે. જ્યાં પલંગ-ગાદલા જેવી પ્રાથમિક સુવિધાઓ હોય છે.પરંતુ સ્થાનિક લોકોને વધારાની સુવિધા મેળવવા બહાર દવાખાનાઓમાં જવું નહીં પડે તેવી વ્યવસ્થા થવી જોઈએ.જેમ કે હાલમાં અનેક કોરોના ગ્રસ્ત લોકો ઓક્સિજનના બોટલ તથા વેન્ટિલેટરની સુવિધાઓ માટે બહારના દવાખાનાઓમાં સારવાર માટે ગયેલ તેમાંથી મોટાભાગના લોકોને ત્યાં પણ સમયસર સારવાર મેળવવામાં મોટી મુશ્કેલી ઉભી થયેલ હોવાનું જોવા અને જાણવા મળતું હતું.ત્યારે સ્થાનિક જગ્યાએ આવી સુવિધાઓ કરવા પાછળ નાણા ખર્ચ કરવામાં આવે તો વધુ યોગ્ય ગણી શકાય.

# રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે જિલ્લા મેલેરિયા અધિકારીએ જણાવ્યા ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા રોગથી બચવાના ઉપાયો

દાહોદ,
ગત ૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે મેલેરિયા શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, દાહોદ દ્વારા ડેન્ગ્યુ અંગે લોકો જાગૃત બને તે માટે વિવિધ માધ્યમો થકી વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગ સામે સામુદાયિક ઝુંબેશ યોજવામાં આવી હતી. જિલ્લા મેલેરિયા અધિકારીએ આ નિમિત્તે કેટલીક માહિતી જનજાગૃતિ અર્થે જણાવી છે.




તેમણે જણાવ્યું કે, ડેન્ગ્યુ, ચીકનગુનિયા એડીસ ઈજીપ્તી નામના મચ્છરથી ફેલાય છે. ડેન્ગ્યુ, ચીકનગુનિયાને અટકાવવા માટે આ મુજબના ઉપાયો કરવા જોઇએ. આ મચ્છર દિવસે કરડતા હોવાથી તેનાથી બચવા આખું શરીર ઢંકાઇ જાય તેવા કપડાં પહેરો. ઘર કે ઓફીસમાં ફ્રીઝની ટ્રે, ફુલદાની, ફુલર, કોઠી, પીપ, માટલું, સિમેન્ટની ટાંકી વિગેરેનું પાણી દર ૩ દિવસે ખાલી કરીને અંદરથી બરાબર સાફ કરીને નવું પાણી ભરવું. ઓવરહેડ અને અન્ડરગ્રાંઉન્ડ ટાંકીના ઢાંકણ ચુસ્ત બંધ કરીને રાખવા.

મેલેરીયા માદા એનોફીલીસ મચ્છરથી ફેલાય છે. મેલેરીયા અટકાવવા માટે આ મુજબના પગલા લેવા જોઈએ. તાવ આવે કે તુરત નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લો. ઝડપી નિદાન અને સારવાર માટે તમારા લોહીની તપાસ કરાવો.

બીજી અગત્યની બાબત એ છે કે માણસ અને મચ્છર વચ્ચેનો સંમ્પર્ક અટકાવવા વિવિધ ઉપાય યોજવા જોઈએ. જેમ કે, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરો. મચ્છરને દૂર રાખનાર મલમનો ઉપયોગ કરો. સાંજે ઘરમાં લીમડાનો ધુમાડો કરો, સંધ્યા સમયેથી જ તમારા મકાનના બારીબારણાં બંધ કરો. જંતુનાશક દવાના છંટકાવથી રહેણાંક ઘરોમાં તમામ ઘરોમાં તમામ રૂમો આવરી લેવાય તેની પૂરેપૂરી કાળજી લો. ઘર કે ઓફીસમાં ફુલદાની, ફુલર, સિમેન્ટની ટાંકી વગેરેનું પાણી દર ૩ દિવસે બદલો. બંધિયાર પાણી વહેતું ન કરી શકાય તેવા સંજોગોમાં પાણીમાં પોરાભક્ષક માછલી બળેલું ઓઈલ કે કેરોસીન નાખો. રહેણાંક ઘરોની આસપાસના પાણી ભરાવવાના સ્થળો દુર કરો. મેલેરિયાથી બચવા લોકજાગૃતિ જરૂરી છે. લોકો ઉકત ઉપાયો યોજીને મેલેરિયા જેવા રોગથી બચી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના છાલોર ગામે

# ૧૭ વર્ષીય કિશોરની કથિત હત્યા સંદર્ભે મૃતકના પિતા દ્વારા ઉચ્ચ સ્તરેથી તપાસ માટે માંગ

- મૃતક કિશોર ૮ મે ૨૦૨૧. ના રોજ સાંજના ઘરેથી નીકળી ગામમાં ગયો હતો,બીજા દિવસે તેની લાશ ગામના કૂવામાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.
- શંકાસ્પદ મોતના બનાવને ફતેપુરા પી.એસ.આઇ તથા પીએમ કરનાર તબીબ દ્વારા હત્યાના બનાવને અકસ્માત મોતમાં ખપાવી આરોપીઓને છાવરવાનોની કોશિશ થતી હોવાનો આક્ષેપ.
- મૃતકના પિતાએ ગામના જ સાત ઈસમોએના નામ સાથે રજૂઆત કરી તટસ્થ તપાસની માંગ કરી.

દાહોદ,

ફતેપુરા તાલુકામાં અવાર-નવાર શંકાસ્પદ મોતના બનાવોના કિસ્સા પ્રકાશમાં આવે છે. જે પૈકી મોટાભાગના કિસ્સાઓ કૂવામાંથી શંકાસ્પદ હાલતમાં લાશો મળી આવવાના ડઝનબંધ કિસ્સાઓ બની ચૂકેલા છે. તેમાંથી મોટાભાગના બનાવો ઉપર કાયમના માટે પડદો પડી જતો હોય આવા બનાવો તાલુકામાં સમયાંતરે વધતા જઈ રહ્યા છે.તેમાં વધુ એક બનાવ ફતેપુરા તાલુકાના છાલોર ગામે ૯. મે ૨૦૨૧.ના રોજ બહાર આવતા મૃતકના પિતા દ્વારા સ્થાનિક થી લઈ રાજ્ય સરકાર સુધી રજૂઆત કરી આરોપીઓની સામે કાયદેસરનો ગુનો દાખલ કરવા માંગ કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના છાલોર ગામે રહેતા તાવિયાડ અરવિંદભાઈ વીરસીંગભાઈ ખેતીવાડી તથા છૂટક મજૂરી ધંધો કરી ઘરનું ગુજરાન ચલાવે છે.તેઓને સંતાનમાં બે પુત્રો હતા.જે પૈકી પહેલા નંબરનો પુત્ર નામે રવિન્દ્રભાઈ તાવિયાડ (ઉં.વ ૧૭ )ડિપ્લોમાના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો હતો.જે હાલ લોકડાઉનના કારણે ઘરે હતો.જે તારીખ-૦૮/૫/૨૦૨૧ ના રોજ સાંજના આઠેક વાગ્યાના અરસામાં ગામમાં ગયો હતો.જ્યાંથી મોડી રાત સુધી પરત ઘરે નહીં આવતા રાતભર ઘરના સભ્યોએ આસપાસમાં તથા પરિચિતોમાં ભાળ મેળવવા છતાં તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો.જ્યારે બીજા દિવસે રવિન્દ્રની લાશ ગામના પારગી નાથુભાઈ હીરાભાઈના કૂવામાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. જેની જાણ ફતેપુરા પોલીસને કરતા બનાવના સ્થળે પી.એસ.આઈ. સિવાયના સ્ટાફ દ્વારા સ્થળ ઉપર આવી લાશને કૂવામાંથી બહાર કાઢી જોતા મૃતક રવીન્દ્રભાઈના ગળાના તથા ગુપ્ત ભાગે ઈજાઓના આંતરિક નિશાન જોવા મળતા હતાનો રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બનાવના સ્થળે તથા પી.એમ સમયે પી.એસ.આઇ ની હાજરી નહીં, પોલીસ સ્ટાફ દ્વારા પંચનામા વગર લાશને પી.એમ અર્થે મોકલાઈ હોવા સહિત પી.એમ કરનાર તબીબ દ્વારા મૃતકના સ્વજનો ની માગણી ઠુકરાવાઈ હોવાનો આક્ષેપ.

શંકાસ્પદ મોતના બનાવમાં સ્થળ ઉપર લાશનું પંચનામુ કરવાનું હોય છે. તેમ છતાં સ્થળ ઉપર લાશનું પંચનામુ નહીં કરી લાશને પી.એમ અર્થે ફતેપુરા સરકારી દવાખાનામાં મોકલી આપવામાં આવી હતી નો રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.જ્યાં મૃતકના વાલી વારસોએ લાશનું પેનલ પી.એમ કરાવવાનો આગ્રહ રાખેલ હોવા છતાં પેનલ પી.એમ કરવામાં આવ્યું નહીં હોવાનું રજુઆતમાં જણાવવામાં આવ્યું છે. તેમજ પી.એમ સમયે મૃતકના પરિવારના કોઈ બે માણસો પી.એમ કોટડીમાં હાજર રહેવા આગ્રહ કરતા ફરજ ઉપરના ફતેપુરા સરકારી દવાખાના તબીબ રાઠવા દ્વારા જણાવેલ કે,અમો પી.એમ સમયે મૃતકના પરિવારના કોઈ વ્યક્તિ ને હાજર રાખી શકીએ નહીં.નહીતો લાશને અન્ય દવાખાનામાં લઈ જવા જણાવેલ હોવાનો રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળે છે.

### મૃતકના પિતા દ્વારા ક્યાં ક્યાં રજૂઆત કરવામાં આવી ?

મૃતક રવિન્દ્રના પિતા દ્વારા ગુજરાત પોલીસ મહાનિદેશક સી.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગર, રજીસ્ટાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર. આઈ.જી.પી, એ.ટી.એસ અમદાવાદ. રેન્જ આઈ.જી.પી પંચમહાલ, ગોધરા તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક દાહોદ તરફ રજૂઆત કરી પુત્રની હત્યા બાબતે તેની તપાસ અન્ય કોઈ તપાસ એજન્સીને સોંપી તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

મારો પુત્ર ગૂમ થયા બાદ બીજા દિવસે ગામના કૂવામાંથી તેની લાશ મળી આવી હતી.જેની અમોએ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.પરંતુ આ બનાવના સ્થળે તથા પી.એમ સમયે ફતેપુરા પી.એસ.આઈ હાજર રહ્યા ન હતા.જ્યારે ફતેપુરા પી.એસ.આઈ ૧૨. મે૨૦૨૧. ના રોજ રાત્રીના આઠેક વાગ્યે અમારા ઘરે આવી અમોને જણાવેલ કે, આવતીકાલે તમો તમામ લોકો ઘરે રહેજો.તેમાંથી કોઈપણ બે વ્યક્તિ ને પોલીસ સ્ટેશનમાં બોલાવીશ અને તેઓને પોલીસ સ્ટેશનમાં આવવું પડશે. તેમ જણાવતા હું બીજા દિવસે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ગયો હતો. જ્યાં પી.એસ.આઈ બરંડા સાહેબે તેમના ચેમ્બરમાં બોલાવી કડક ભાષામાં વાત કરી તારો છોકરો ક્યાં ફરતો હતો?તેનું ધ્યાન કેમ ન રાખ્યું? તેમ જણાવી ધમકાવી મને કાઢી મૂકતા હું ઘરે જતો રહ્યો હતો.તેમજ આજદિન સુધી મારી ફરિયાદ પ્રત્યે ધ્યાન આપવામાં આવેલ નથી.અને મારા પુત્રની થયેલ હત્યા ને અકસ્માત મોતમાં ખપાવવાની કોશિશ કરવામાં આવી રહેલ હોવાનું જણાતા નાછૂટકે અમારે મારા પુત્રની હત્યામાં સંડોવાયેલા સાત જેટલા ઈસમો વિરુદ્ધ ઉચ્ચસ્તરે રજૂઆત કરવાની જરૂરત પડેલ છે.

અરવિંદભાઈ તાવિયાડ(મૃતક રવિન્દ્રના પિતા,છાલોર)

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૫૮ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. જિલ્લામાં કોરોનાની ગતિ ધીમી પડી રહી છે. આજે વધુ ૦૨ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યાં છે ત્યારે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૬૭૭૨ ને પાર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૭૬ પૈકી ૩૩ અને રેપીટ ટેસ્ટના ૭૧૯ પૈકી ૨૫ મળી આજે ૫૮ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૫૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૬, દાહોદ ગ્રામ્યમાંથી ૦૨, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૦, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૨, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૭, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૫ અને સંજેલીમાંથી ૦૫ કેસોનો સમાવેશ થાય છે. કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે ૧૧૧ દર્દીઓએ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે એક્ટીવ કેસોની સંખ્યા ઘટીને ૪૮૧ રહેવા પામી છે.

### દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા

| |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૧૬ |
| ઝાલોદ-03 |
| દે.બારીઆ-૦૧ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૦૨ |
| ઝાલોદ-૧૦ |
| દે.બારીયા-03 |
| લીમખેડા-૦૨ |
| સીંગવડ-૦૨ |
| ગરબાડા-૦૭ |
| ધાનપુર-૦૨ |
| ફતેપુરા-૦૫ |
| સંજેલી-૦૫ |

# દે.બારીયા તાલુકાની રેશનની દુકાનોમાં ખાંડ અને દાળનો જથ્થો ક્યારે ઈશ્યુ કરાશે ?

દે.બારીયા,

દાહોદ જીલ્લાના મોડેલ તાલુકો એટલે દે.બારીયા છે આને મોડેલ તાલુકો કઈ રીતે કહી શકાય આ મોડેલરૂપી દે.બાારીયા તાલુકાની રેશનની દુકાનોમાં ખાંડનો જથ્થો હજુ સુધી પહોંચી શકયો નથી. આ અંગે અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ તાલુકા પુરવઠા, નાયબ મામલતદાર ઉમેશ ગોહિલ પાસે રૂબરૂમાં જઈ આ ખાંડ અંગે તાગ મેળવતા તેમણે જણાવતા કહ્યું હતું. દે.બારીયાની ૮૪ રેશનની દુકાનોમાંથી ૩૫ દુકાનોને ખાંડનો જથ્થો ઈશ્યુ કરવામાં આવ્યો છે. જ્યારે ૪૯ દુકાનો ઉપર ખાંડનો જથ્થો હજુ સુધી પહોંચી શક્યો નથી. તેનું મુખ્ય કારણ છે જીલ્લા લેવલે થી ખાંડનો જથ્થો હજુ પહોંચી શકયો નથી શું. પુરતો જથ્થો ના હોય તો કેમ ઓછી દુકાનોને જથ્થો ઈશ્યુ કરવામાં આવે. રેશનની દુકાનોના સંચાલકો એ ફીંગર તો લઈ લીધા છે. જેથી લાભાર્થીઓને ખાંડ મળશે કે નહિ તે કોઈ માહિતી લાભાર્થી રેશન ધારકોને આપતા નથી. શું? મહિનાની છેલ્લી તારીખમાં ખાંડ મળી રહેશે તે એક યક્ષ પ્રશ્ન છે ?

મળતી માહિતી અનુસાર ગયા વર્ષના રેશનના અનાજના રાહત પેકેજમાં ખાંડ અને દાળ ફ્રી આપવાની ઘોષણા કરી હતી. તેમાં ગરીબી રેખા તળે આવતા (એનએફએસએલ) નેશનલ ફુડ સીક્યોરીટી એક્ટ હેઠળ આજ પ્રમાણે ખાંડનો જથ્થો લેટ ઈશ્યુ થતાં રેશનકાર્ડના સંચાલકોને ખાંડ ગરીબ લાભાર્થીઓને આપી ન હતી. રેશનની દુકાનોના ધરમના ધક્કા ખાઈને હારી થાકી ચૂપ બેસી ગયા હતા. તેમજ અત્રે ઉલ્લેખનિય કરવું રહયું કે, દે.બારીયા શહેરની પાસે આવેલો ડાંગરીયા ગામની રેશનની દુકાન સંચાલકે આખા મહિનાનું અનાજ ઘઉં, ચોખા, ખાંડ સાથે સગેવગે કરી નાખતા તે દુકાનદારને સસ્પેન્ડ કરાયો હતો. આજે પણ આ ડાંગરીયા ગામની દુકાન બીજા પાસેનો દુકાનના સંચાલક તળે ચાલે છે. આવા કાંડો મેળાપીપણા થી શકય બને છે. જેમાં આ ડાંગરીયાના દુકાનદારે વધારે કરી નાખયું તે પણ દુકાનની જફાથી ઝટકારો મેળવવા માટે આવા કાંડોમાં તંત્ર પણ જવાબદાર હોય છે. કેમ કે જીલ્લા સુધીઆના હપ્તા પહોંચતા હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી ફરી બીજીવાર આવું ના બને પુરેપુરો ગરીબ લાભાર્થીઓને તાલુકાની ૮૪ રેશનની દુકાનો પરથી ઘઉં, ચોખા, દાળ, ખાંડનો જથ્થો મળી રહે તેવા આદેશ જારી કરવા પડશે નહિ તો બીજો કોઈ રેશનીંગ દુકાનદાર મોટો કૌભાંડ કરી નાખે તો નવાઈ નહીં. આજે લખાય છે તે દિવસે પ્રોપરની દુકાનો બંધ હતી. ખાંડનો જથ્થો ના આપ્યો હોય તો તે રેશનની દુકાનના બોર્ડ ઉપર જથ્થો નીલ લખવામાં શું ? વાંધો છે. પરંત ખરેખર લાભાર્થીઓને અંધારામાં રાખી ખાંડ અને દાળનો જથ્થો સગેવગે કરવાના પેંતરા રચાયા છે. તેવું આમ ગરીબ લાભાર્થીઓમાં ગણગણાટ સાંભળવામાં મળે છે અને નરી આંખે દેખાય પણ છે.

# દાહોદના ઉકરડી ગામે ગુટકા, પાન-મસાલાના ગોડાઉનને માંથી ૮ લાખના મુદ્દામાલની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના ઉકરડી ગામે એક ગુટકા, પાન,મસાલાના ગોડાઉનમાં ગતરોજ રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ગોડાઉનમાંથી અંદાજે ૬ થી ૮ લાખ રૂપિયાનો ગુટકા પાન મસાલાનો સામાન ચોરી કરી લઈ જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. હાલ કોરોના કાળમાં અને લોકડાઉનના માહોલ વચ્ચે આમે બજારોમાં ગુટકા,પાન, મસાલાના ભાવોમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગતરોજ દાહોદ તાલુકાના ઉકરડી ગામે ચોરીની એક ઘટનાને પગલે પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઉકરડી રોડ પર મહાવીર નગર સ્થિત એક ગોડાઉનમાં એક વેપારીનો ગુટકા,પાન, મસાલાનો જથ્થો ભરી રાખ્યો હતો. આ ગોડાઉનમાં ગતરોજ મધ્યરાત્રિના કોઈપણ સમયે આ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ગોડાઉનના મુખ્ય દરવાજાનું તાળું તેમજ નકુચો તોડી પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનમાં ભરી રાખેલ અંદાજે ૬ થી ૮ લાખ રૂપિયાનો જંગી ગુટખા, પાન – મસાલાનો જથ્થો ચોરી કરી લઈ જતા વહેલી સવારે પોતાના ગોડાઉનમાં ચોરી થઈ હોવાની જાણ વેપારીને થતાં વેપારી સહિત લોકો ગોડાઉન તરફ દોડી આવ્યા હતા અને આ અંગેની જાણ સ્થાનિક પોલીસને પણ કરતા પોલીસ પણ સ્થળ પર આવી પહોંચી હતી. ઘટનાને પગલે પોલીસે તપાસનો ધમધમાટ આરામ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં લાગુ કરવામાં આવેલા નિયંત્રણો તા.૨૧ મે સુધી અમલમાં રહેશે




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને નિયંત્રણમાં લેવા બહાર પાડવામાં આવેલા જાહેરનામાઓની મૃદ્દત પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લેતા કલેક્ટર વિજય ખરાડીએ આગામી તા. ૨૧ મે સુધી લંબાવી છે. જે મુજબ દાહોદ નગરમાં આગામી તા. ૨૧ મે સુધી રાત્રીના ૮ વાગેથી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુ અમલમાં રહેશે. રાત્રી સંચારબંધી દરમિયાન કેટલાંક નિયંત્રણોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે, જયારે ફક્ત આવશ્યક સેવાઓ ચાલુ રહેશે.

આ ઉપરાંત અન્ય એક જાહેરનામા દ્વારા ઝાલોદ તાલુકાના ઝાલોદ શહેર, લીમડી ગામ, દેવગઢ બારીઆ તાલુકાના દેવગઢ બારીઆ નગર, પીપલોદ ગામ, ફતેપુરા તાલુકાના ફતેપુરા ગામ, સુખસર ગામ, ગરબાડા તાલુકાના ગરબાડા ગામ, જેસાવાડા ગામ, લીમખેડા તાલુકાના લીમખેડા ગામ, પાલ્લી ગામ, સંજેલી તાલુકાના સંજેલી ગામ, સીંગવડ તાલુકાના સીંગવડ ગામ, ધાનપુર તાલુકાના ધાનપુર ગામ ખાતે જે રાત્રી કરફ્યુ (રાત્રીના ૮ વાગ્યે થી સવારના ૬ વાગ્યા સુધી) અમલમાં છે તેની મુદ્દત પણ લંબાવીને આગામી તા. ૨૧ મે સુધી કરવામાં આવી છે.

કલેક્ટર વિજય ખરાડી દ્વારા સમગ્ર દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લાગુ કરવામાં આવેલા નિયંત્રણોની મુદ્દત પણ એક જાહેરનામા દ્વારા આગામી તા. ૨૧ મે સુધી લંબાવવામાં આવી છે. ઉક્ત જાહેરનામાઓનો ભંગ કરનાર વિરૂદ્ધ વિવિધ જોગવાઈઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# સ્ટેટ મોનિટરિંગ સેલે લીમખેડાના બૂટલેગર માટે લવાતો ૪.૧૯ લાખનો દારૂ ઝડપી પાડ્યો

દાહોદ,

સ્ટેટ મોનિટરીંગ સેલે બાતમી મળતાં દાહોદ જિલ્લાના બોરવાણી ખોવડા ગામની સીમ વચ્ચેથી લીમખેડા તરફના કાચા રસ્તા ઉપરથી પાયલોટીંગ કરી પીકઅપ ડાલામાં લઈ જવાતો ૪.૧૯ લાખ ઉપરાંતનો દારૂ ઝડપી પાડ્યો હતો.દારૂ તથા પીકઅપ અને એક મોબાઈલ મળી કુલ ૭.૧૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી પાંચ લોકો સામે દાહોદ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

સ્ટેટ મોનિટરીંગ સેલ ગાંધીનગરને દાહોદ જિલ્લાના લીમખેડાનો સંજય લાબા નામનો બુટલેગર મધ્યપ્રદેશના માંડલીના ઠોકા ઉપરથી મળતીયાઓ મારફતે દારૂનો જથ્થો અલગ અલગ વાહનોમાં મંગાવી રાત્રે ખરોદા થઈ ઝાલોદ લીમડી હાઈવે ઉપરથી અંતરીયાળ ગામના કાચા રસ્તે થઈ લીમખડા જવાની બાતમી મળી હતી. જેના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલના પી.એસ.આઈ. એસ.એમ. સીન્ધી તથા સ્ટાફ અને એસ.આર.પી. ગ્રુપના જવાનોને સાથે રાખી બોરવાણી ખોવડાની સીમ વચ્ચેથી લીમખેડા તરફના કાચા રસ્તા ઉપર રાત્રીના અંધારામાં વોચમાં ઉભા હતા.

ત્યારે કાચા નાળીયામાં ફોર વ્હીલરની લાઈટો દેખાતા પેટ્રોલીંગ વાળી ગાડી આવતાં તેને રોકવાનો પ્રયાસ કરતાં ચાલકે પોતાનું વાહન ઉભુ નહી રાખી પુરઝડપે હંકારી ભગાવી મુકી હતી. પાછળ આવતા બીજા બે વાહનોના ચાલકે પોતાના વાહનો ઉભા રાખી રીવર્સમાં હંકારતાં પોલીસ સ્ટાફે દોડીને લાકડીઓથી રોકવાનો પ્રયાસ કરતાં મહેન્દ્ર પીકઅપ ડાલાનો ડ્રાઈવર અંધારામાં નાસી ગયો હતો. ત્રીજા વાહન સ્કોરપીઓના ચાલકે યુટર્ન મારી બંમધ લાઈટોમાં પાછો વળી ગયો હતો.

પીકઅપ ડાલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની પેટીઓ જેમાં વિદેશી દારૂનીની કુલ ૫૯૯૪ બોટલો જેની કિંમત રૂા.૪,૧૯,૪૦૦નો જથ્થો મળી આવ્યો હતો. જથ્થો તથા ગાડીમાંથી એક ૫૦૦ની કિંમતનો એક મોબાઈલ તથા ૩,૦૦,૦૦૦ રૂ.ની વાહન મળી કુલ ૭,૧૯,૯૦૦ રૂા.નો મુદ્દામાલ જપ્ત કરી ભાગી ગયેલા પીકઅપ ડારાના ડ્રાઈવર, પાયલોટિંગ ગાડીના ડ્રાઈવર, સ્કોર્પિઓ ગાડીના ડ્રાઈવર તથા લીમખેડાના સંજય લાબાના નામના બુટલેગર અને મધ્યપ્રદેશના દારૂનો જથ્થો આપરનાર ઠેકેદાર મળી કુલ પાંચ લોકો સામે દાહોદ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# તાઉ-તે : ગરબાડા હાઈવે ઉપર જોખમી વૃક્ષો કાપી નાખવામાં આવ્યા

દાહોદ,

તાઉ–તે વાવાઝોડા (Cyclone Tauktae) ની આગાહીને લઈને દાહોદથી ગરબાડા વચ્ચે પસાર થતા નેશનલ હાઈવે પર ઘણા વૃક્ષોની ડાળીઓ રોડ પર નમેલી જોવા મળતા તાઉ–તે વાવાઝોડાની સંભવિત અસરને પગલે સાવચેતીના ભાગરૂપે જંગલ ખાતા દ્વારા આવી જોખમી ડાળીઓ અને જોખમી વૃક્ષોને કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વૃક્ષ કાપવાની કામગીરી દરમ્યાન અમુક જગ્યાએ રોડ બંધ થઈ જતા બન્ને બાજુએ વાહનોની કતારો જામી હતી. પરંતુ થોડા જ સમયમાં રસ્તો પુનઃ રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવ્યો હતો.

ફોરેસ્ટ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર તાઉ–તે વાવાઝોડાના પગલે સાવચેતીના ભાગરૂપે આ જોખમી ડાળીઓ અને અમુક વૃક્ષો ઉતારી લેવામાં આવ્યા છે.

# દાહોદ જિલ્લામાં ભારે પવનમાં ૧૭ વીજ પોલ પડી ગયા, એક કાચા મકાનને સામાન્ય નુકસાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તાઉ–તે વાવાઝોડાના પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં થયેલી અસરને કારણે વાદળિયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફૂંકાયો હતો. જેના કારણે જિલ્લામાં કેટલાક સ્થળે વીજ થાંભલા પડી જવાની ઘટના બની છે. જ્યારે, એક કાચા મકાનને સામાન્ય નુકસાન થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. આપત્તિની સામે સઘન પૂર્વ તૈયારના કારણે એકંદરે મોટું નુકસાન ટાળી શકાયું છે. વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર પંકજ થાનાવાલાએ જણાવ્યું કે, જિલ્લામાં કૃષિલક્ષી વીજ જોડાણને લગતા પોલ પડી ગયા હોવાનું નોંધાયું છે. કુલ ૧૭ પોલ પડી ગયા છે. પડી ગયેલા વીજ થાંભલાને ફરી ઉભા કરવા માટે ત્રણ ટીમો કામ કરી રહી છે. રાત્રે વીજળી જવાના કેટલાક બનાવો બન્યા હતા. જેને તુરંત રિપેર કરી લેવામાં આવ્યા હતા. વીજ કંપનીના કન્ટ્રોલ રૂમને ૫૯૨ કોલ્સ મળ્યા હતા. જે પૈકી રાત્રે ૪૭૦ એટેન્ડ કરી લેવામાં આવ્યા હતા. બાકીના કોલ્સ તા. ૧૮ના સવાર સુધીમાં સોલ્વ કરવામાં આવ્યા હતા. દાહોદમાં અત્યારે વીજ સેવા પૂર્વવત ચાલું છે. બીજી તરફ દાહોદ ખાતે કાર્યરત સ્પીડોમિટરમાં પવનની મહત્તમ ગતિ ૧૭ કિલોમિટર પ્રતિકલાકની નોંધાઈ છે. ગઈ કાલ તા. ૧૭ના સાંજના પણ આટલી જ મહત્તમગતિ નોંધવામાં આવી હતી. આજ તા. ૧૮ના સવારના ૧૨.૧૫ વાગ્યે પવનની ગતિ વધીને ૨૪ કિલોમિટર પ્રતિ કલાકની રહી હતી. જિલ્લામાં એક સ્થળે પવનની ગતિના કારણે એક કાચા મકાનને સામાન્ય નુકસાન થયું છે. સમગ્ર જિલ્લામાં ધાબડિયા વાતાવરણ વચ્ચે છૂટાછવાયા ફોરા પડ્યા હોવાના અહેવાલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 226

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર

# ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ધોધમાર વરસાદ : ઝાડ પડતા એકનું મોત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર જોવા મળી છે. વાવાઝોડું દરિયા કિનારે ત્રાટક્યું તે પહેલા ધીમીધારે વરસાદ અને પવન ફુંકાવવાનું ચાલુ રહ્યું હતું. તોડી રાત્રીએ તાઉ તે વાવાઝોડું, સૌરાષ્ટ્રના દરિયા કાંઠે ટકરાતા તબાહી મચાવીને આગળ વધ્યું છે. વાવાઝોડાની અસર રાજ્યભરમાં જોવા મળી છે. પંચમહાલ જીલ્લામાં વહેલી સવાર થી ધીમીધારે તો કોઈ તાલુકામાં ધમાકેદાર રીતે વરસાદ જોવા મળ્યો છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તાઉ તે વાવાઝોડાની અસરને પહોંચી વળવા માટે સર્તક બન્યું છે. આજે સમી સાંજે ઉત્તર ગુજરાતમાં ૬૦ થી ૭૦ કિલોમીટરની ઝડપી પવન ફુંકાતા તેની અસર પંચમહાલ



જીલ્લામાં જોવા મળી છે. અને ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પવનના સુસવાડી સાથે વરસતા વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

ગુજરાતના સૌરાષ્ટ્રના રાજુલા, ઉના, ગીર સોમનાથ વચ્ચે દરીયા કિનારે ટકરાયું હતું. ૧૭૦ થી ૧૭૫ કિલોમીટરની ઝડપે ફુંકાયેલ વાવા એ સૌરાષ્ટ્રના ચાર જીલ્લાઓમાં ભારે તબાહી મચાવીને દીવ તરફ આગળ વધ્યું છે. પરંતુ તાઉ તે વાવાઝોડાની અસર આગામી ૭૨ કલાક સુધી ગુજરાત રાજ્યમાં જોવા મળશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના દરિયા કિનારે વાવાઝોડું ટકરાયા બાદ તેની અસર મધ્ય ગુજરાતમાં પણ જોવા મળી છે. પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિતના તમામ તાલુકાઓમાં વહેલી સવાર થી ધીમીધારે વરસાદ તો ક્યાંક ધમાકેદાર રીતે વરસાદ વરસી રહ્યો હતો. આજરોજ મોડી સાંજ ઉત્તર ગુજરાતમાં અમદાવાદ સહિતના જીલ્લાઓમાં ૬૦ થી ૭૦ કિલોમીટરની ઝડપી ફુંકાયેલા વાવાઝોડા સાથે તોફાની વરસાદ પડયો છે. તેની અસર પંચમહાલ જીલ્લામાં પણ જોવા મળી છે. ભારે પવનના સુસવાટા સાથે વરસાદ વરસી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર અને સંભવિત નુકશાનને દયાનમાં રાખીને વહીવટી તંત્ર એલર્ટ મોડ ઉપર છે. તમામ તાલુકામાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ તલાટી કમ મંત્રીઓને ૪૮ કલાક માટે જેને ફરજના સ્થળે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. તાઉ તે વાવાઝોડાની ભારે પવનો ફુંકાતા મોરવા(હ)થી રામપુર જવાના માર્ગ ઉપર થી દંપતિ બાઈક ઉપર પસાર થઈ રહ્યું હતું. તેની ઉપર ઝાડ પડતાં બાઈક ઉપર બેઠેલ મહિલાનું મોત નિપજાવા પામ્યું છે.

### પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડામાં ૭૫ હાઈટેન્શન પોલ અને ૨૭ સાદા પોલ ધરાશાય



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસરને લઈ છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ હાઈટેન્શન લાઈનના વીજ પોલ તેમજ ૨૭ સાદી લાઈનના વીજપોલ ધરાશાહીની ઘટના બનવા પામી છે.વાવાઝોડામાં ગોધરા સર્કલના ૬૨ ગામોમાં વીજ પુરવઠો ખોરવાતા વીજ કંપનીને વીજ પુરવઠો શરૂ કર્યો હતો.

### વેજલપુર પંચાયતના તલાટી કચેરીમાં નશો કરી ઉંઘી ગયા હોવાની ગ્રામજનોમાં ચર્ચા



તાઉ તે વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકાના માલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ ગ્રામ પંચાયત વિસ્તારમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓને ફરજના સ્થળે હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો હતો. આજરોજ તાઉ તે વાવાઝોડાની અસર હેઠળ પંચમહાલ જીલ્લામાં વહેલી સવાર થી વરસાદ પડી રહ્યો હતો. સાથે ભારે પવન ફુંકાવાની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી હતી. તેવા સમયે વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પંચાયત કચેરીમાં નશામાં ચકચુર થઈને સુઈ ગયા હોય તેવી ચર્ચા ગ્રામજનોમાં જોવા મળી હતી. જવાબદાર કર્મચારી નશામાં ચુર બનીને આપતિના સમયે ફરજનું ભાન ભુલ્યા હતા.

# કાલોલમાં તાઉ તે ચક્રવાતના પગલે ઘરના પતરા, વૃક્ષો અને વીજ થાંભલા જમીન સ્તર થયા

કાલોલ,

અરબ સમુદ્રમાં ઉદભવેલા તાઉ–તે ચક્રવાતના પગલે પંચમહાલ જિલ્લામાં કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા સલામતીના આગોતરા પગલા હાથ ધરવામાં આવ્યા છે. હાલની સ્થિતિએ જિલ્લામાં આ ચક્રવાતના પગલે કોઈ ગંભીર અસરની આગાહી ન હતી. પરંતુ કોઈપણ સંભવિત વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહત્વપૂર્ણ સેવાઓ ખોરવાઇ નહીં તે સુનિશ્ચિત કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પૂર્વ તૈયારીઓની સમીક્ષા હાથ ધરતા જિલ્લા કલેકટર અમિત અરોરાએ ભારે પવનો કે વરસાદની સ્થિતિમાં વીજપુરવઠાને લગતા પ્રશ્નો હોસ્પિટલ્સ સહિતના અગત્યના સ્થળોએ ન સર્જાય તે માટે ઉર્જા વિભાગના તેમજ આર



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

એન્ડ બી ના ઈલેક્ટ્રીકલ એન્જિનિયર્સને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, તમામ નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન કે વરસાદના કારણે પડી જઈ ભયજનક બની શકતા હોર્ડિંગ્સ, થાંભલા ઉતારી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચ, તલાટીના માધ્યમથી લોકોને આ સ્થિતિમાં ભયજનક બની શકે તેવા બાંધકામોમાં આશરો ન લેવા અને પૂરતા સલામત સ્થળે જવા, પશુઓને પણ સલામત સ્થળે રાખવા જણાવાયું છે. ખુલ્લામાં રહેલા કૃષિ પાકોને પણ નુકશાન ન થાય તેવા સ્થળે ખસેડવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત પવનના કારણે વૃક્ષ પડવાના કારણે રોડ બ્લોકેજ થાય તો વૃક્ષ તુરંત હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરવા ટીમો તૈયાર રાખવા માર્ગ અને મકાન વિભાગ તથા વન વિભાગને સૂચના અપાઈ છે. તેમજ આ વિભાગોની ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. પંરતુ કુદરત રૂઠે તો માનવી પણ શું કરે જેનાં પગલે સાવચેતી ઓ હોવા છતાં કાલોલ નગરમાં બપોર પછી તૌઉ–તે વાવાઝોડાની અસર જોવા મળતાં કસ્બા વિસ્તારમાં તેમજ નગરપાલિકાના કોમ્પલેક્ષ ના ચોગાનનું વૃક્ષ અને ઈલેક્ટ્રીક વિજ થાંભલો પડી જતાં નગરનો વિજ પુરવઠો ખોરવાયો હતો. જોકે વાવાઝોડાના કારણે ખેડૂતોના બાજરીના પાકોને નુકસાન થવાની સંભાવના છે. વાવાઝોડાના કારણે ખેડૂતોમાં પણ એક ચિંતાનો વિષય બની ગયો છે.

# નદીસર સહિત ના ગામોમાં વરસાદના પગલે રસ્તા પર ઠેર-ઠેર પાણી ભરાયાં : રાહદારીઓ અને વાહન ચાલકો મુશ્કેલીમાં

નદીસર,

સૌરાષ્ટ ના દરિયા કાંઠે ટકરાયેલ વાવાઝોડાની અસર પંચમહાલ જિલ્લામાં પણ દેખાઈ રહી છે. જિલ્લાના મોટા ભાગના સ્થળો સાથે ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ધરી, ટીંબા, રતનપુર, કાંકણપુર સહિત આસપાસના ગામોમાં પણ બે દિવસ થી સાંજના સમયે પવન સાથે વરસાદ નું આગમન થયું હતું. જ્યારે વાવાઝોડું લેન્ડ ફલો થયા બાદ સમગ્ર વિસ્તારમાં સવાર થી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે તાપમાનનો પારો નીચે આવી જતા લોકો એ સખત ગરમી માંથી રાહત મેળવી છે. જોકે, સતત બે દિવસથી વરસાદ અને વાદળ છાયા વાતાવરણના કારણે ખેડૂતોના જણાવ્યા મુજબ લણણીના સમય પર વરસાદ આવતા બાજરી, તલ, ગુવાર, શાકભાજીના પાકોને ભારે નુકશાન થવાનો અંદાજ છે. આ તરફ વરસાદ અને પવન ના કારણે વીજ લાઈન પર ફોલ્ટ થતા નદીસર, કાંકણપુર, રતનપુર, ચાચપુર ફીડર સહિત તમામ વીજ લાઈન પર વીજ પુરવઠો વારંવાર ખોરવાતા સામાન્ય પ્રજા ખૂબ મુશ્કેલીમાં મુકાઈ છે. જોકે, વીજ તંત્ર પણ ખડે પગે રહી વીજ લાઈન પર ફોલ્ટ દુરસ્ત કરવા પ્રયત્ન કરી રહ્યું છે. આ તરફ વીજ પુરવઠો વધુ સમય માટે બંધ રહેતા મોબાઈલ કનેક્ટિવિટી પાણી પુરવઠો ખોરવાય જતા લોકોને હાલાકી વેઠવી પડી હતી.

### પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર હેઠળ તમામ તાલુકાઓમાં વરસાદની અસર જોવા મળી છે

ગોધરા– ૬ મી.મી.
કાલોલ–૬ મી.મી.
ઘોઘંબા–૫ મી.મી.
જાંબુઘોડા–૬ મી.મી.
મોરવા(હ)–૩ મી.મી.
શહેરા– ૩ મી.મી.
હાલોલ– ૧૩ મી.મી.

## તાઉ તે વાવાઝોડામાં મોરવા(હ)માં બાઈક ઉપર ઝાડ પડતાં મહિલાનું મોત

તાઉ તે વાવાઝોડાની અસર પંચમહાલ જીલ્લામાં જોવા મળી હતી. જીલ્લામાં ભારે પવનો ફુંકાયા હતા. મોરવા(હ) થી રામપુરા જવાના માર્ગ ઉપર થી દંપતિ બાઈક ઉપર પસાર થઈ રહ્યું હતું. દરમ્યાન ઝાડ બાઈક ઉપર પડતા બાઈક સવાર મહિલાને ગંભીર ઈજા થતાં મોત નિપજાવા પામ્યું.



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

# વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગાના કામોમાં ભ્રષ્ટાચારને છાવરવામાં કોને રસ...?

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં મનરેગામાં અનેક કામો ભ્રષ્ટાચારની બુમો ઉઠી છે. ત્યારે વાત કરીએ તો કાલોલ તાલુકાની મોટી ગ્રામ પંચાયત એટલે વેજલપુર ગ્રામ પંચાયત હોવા છતાં વેજલપુર ગામમાં મનરેગાના કામોમાં માત્ર કાગળ ઉપર બતાવીને અનેક વિસ્તારના કામોમાં ભ્રષ્ટાચાર આચરીને અનેક અધિકારીઓએ પોતાના વિકાસના કાર્યો કર્યા હોય તેવા અનેક વિસ્તારના કામો માત્રને માત્ર કાગળ ઉપર બતાવીને વેજલપુર ગામની ભોળી જનતાને આવા ભ્રષ્ટ અધિકારીઓએ મૂર્ખ બનાવીને લાખો રૂપિયા બનાવી લીધા હોય તેમ લાગી રહયું છે અને



પ્રતિકાત્મક તસ્વીર

(મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર)ગેરંટી યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર થતો હોવાનો એહવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થતા પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ખળભળાટ મચી ગયો હતો અને આ કૌભાંડ ને છુપાવવા માટે તાત્કાલીક કેટલીક એન્ટ્રીઓ રદ કરી નાખી છે. બીજી તરફ આ કૌભાંડમાં સંકળાયેલા તેમજ બિનસરકારી (રાજકીય) લોકો પોતાનો ચેહરો

### ભ્રષ્ટાચારમાં વગોવાયલી મનરેગા કોરોના કાળમાં શ્રમિકોને તારણ હાર થશે ખરી ?

ઉપલા અધિકારીઓના આશીર્વાદ થી વેજલપુર ગામમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કેમ હાથ ધરવામાં આવતી નથી શું આવા અધિકારીઓને ગુલાબી નોટો નો પ્રસાદ મલી જાય છે કે, રાજનીતિ ઓના બાણમાં આવી જાય છે. તેવા અનેક પ્રકારના સવાલો ગ્રામજનોમાં ઉઠવા પ્રામ્યો છે. વેજલપુર ગામમા મનરેગા બચાવવા માટે રાજકીય સ્તરે ઉધામાં શરૂ કરી દીધા હોય તેમ લાગી રહ્યું છે. તેથી આ અંગે ઊંડી અને તટસ તપાસ થાય તેવી લોક માંગ ઉઠી છે.

# શહેરામાં તાઉ તે વાવાઝોડાને લઈ ચોમાસા જેવો માહોલ

શહેરા,

શહેરામાં તાઉ તે વાવાઝોડાને લઈને પાછલા બે દિવસથી વાતાવરણમાં પલટો આવવા સાથે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. મંગળવારના રોજ પણ દિવસ દરમિયાન ધીમીધારે વરસાદ શરૂ રહયો હતો. જ્યારે તાલુકાના અનેક ગામો તેમજ નગરના અમુક વિસ્તારોમાં વીજળી ગુલ થતા લોકોને અંધારામાં રહેવાની નોબત આવી હતી.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર પાછલા બે દિવસથી જોવા મળી રહી છે. તાલુકાના વિસ્તારમાં સોમ અને મંગળવારના રોજ ધીમીધારે વરસાદ શરૂ રહયો હતો. જ્યારે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

મંગળવારના સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ રહેતા વાતાવરણ મા ઠંડક પ્રસરવા સાથે પ્રજાજનો ને ગરમી માથી રાહત મળી હતી. ગુજરાતના દરિયા કિનારે ટકરાઈને તાઉ તે વાવાઝોડાએ ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. ત્યારે તેની સીધી અસર શહેરા સહિત જીલ્લામાં પણ જોવા મળી છે. નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ભર ઉનાળે વરસાદી માહોલ જામતા પ્રજાજનો ને પણ ચોમાસાની ઋતુ જેવો એહસાસ થયો હતો. સમગ્ર તાલુકામા વરસાદી માહોલ દિવસ દરમિયાન હોવાથી અનેક લોકો ઘરની બહાર નીકળ્યા ના હતા.

પવન સાથે ધીમીધારે વરસાદ શરૂ રહેતા ગરમીથી પ્રજાજનોને રાહત મળી હતી. કમોસમી વરસાદને કારણે કેરી સહિતના અન્ય પાક તેમજ શાકભાજી કરતા ખેડુતોમાં ચિંતાનૂ મોજુ ફરી વળ્યુ છે. વરસાદી માહોલ વચ્ચે તાલુકાના અનેક ગામો તેમજ નગર વિસ્તારમાં લાઈટો ગુલ થતા લોકોને અંધારામાં રહેવુ પડયુ હતું. એમ.જી.વી.સી.એલ ની ઢીલી કામગીરીના કારણે કલાકો સુધી લાઈટ નહી આવતા વીજ ઉપભોકતા ઓનો આક્રોશ જોવા મળ્યો હતો. તાલુકાના બજારોમાં વરસાદના કારણે લોકોની અવર જવર પર બ્રેક લાગતા રસ્તાઓ સૂમસામ નજરે પડ્યા હતા.

# પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના સક્રિય કેસોની સંખ્યા ૧૨૨૨ થઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ– ૧૯ સંક્રમણના નવા ૧૧૧ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૮૮૬૭ થવા પામી છે. ૨૦૫ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨૨૨ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૩૧ અને હાલોલમાંથી ૩૭ કેસો મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૨૩૦એ




મળી આવતા કેસની સંખ્યા ૩૬૩૭ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૨૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા

- આજે કોરોના સંક્રમણના નવા ૧૧૧ કેસો સામે ૨૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- કુલ કેસનો આંક ૮૮૬૭ થયો.
- કોરોનાને પછડાટ આપી ૭૪૬૩ દર્દીઓ સાજા થયા.

પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૧૬, હાલોલ ગ્રામ્યમાંથી ૦૭, જાંબુઘોડા ગ્રામ્યમાંથી ૦૫, કાલોલ ગ્રામ્યમાંથી ૦૬, મોરવા હડફ ગ્રામ્યમાંથી ૦૧, શહેરા ગ્રામ્યમાંથી ૦૧ અને ઘોઘંબા ગ્રામ્યમાંથી ૦૭ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૭૪૬૩ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૧૨૨૨ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.